જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૯/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૪૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૨૦૭ લીટર દેશી દારૂ, ૦૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૯૩ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન, ૦૨ સ્કુટર, ૦૧ રિક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૨૮,૨૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૨૪૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૨૪૯/૨૦૨૬**

પાલડીઃ નૈમિષ ભરતકુમાર શાહ (ઉ.વ.૬૩) (રહે. સુમેરુ શિખર ટાવર નવા વિકાસગૃહ રોડ પાલડી) એ તા.૦૬/૦૯/૨૦૨૬ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૯/૨૦૨૬ બપોરના ૦૧/૦૦ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી કેવિન નિતીનભાઇ શાહ (રહે. જે–૧૦૨ શીકાગો પાર્ક કડી જી–મહેસાણા) એ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં નોકરી દરમ્યાન શ્રી જાખાના જૈન શાંતિનાથ ટ્રસ્ટ (મુ.જાખાના તા.ચાણસ્મા જી.મહેસાણા) પાસેથી રૂપિયા ૧,૦૦,૦૦૦/– તેમજ કુકલાહ જૈન સંઘ એમ.પી.નાઓ પાસેથી રૂપિયા ૩૫,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૩૫,૦૦૦/– આંગડીઆ પેઢી તથા બેંક ખાતા મારફતે મેળવી લઇ પેઢીના નામે છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.ક્રિશ્ચયન ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૨૫૦/૨૦૨૬**

ગોમતીપુરઃ નિતાબહેન દિપકકુમાર મકવાણા (ઉ.વ.૪૧) (રહે. ન્યુ મનોહર પાર્ક સોસાયટી ઝુલતા મિનારા રાજપુર ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૯/૨૦૨૬ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.કે.પાદરીયા ચલાવે છે.

ઓઢવઃ પ્રશાન્ત દયારામ સુનાર (ઉ.વ.૨૮) (રહે. બ્લોક.નં.૦૧/૨૩ મધુ માલતી આવાસ યોજના સર્જન એસ્ટેટની બાજુમાં કઠવાડા નિકોલ) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૯/૨૦૨૬ કલાક ૦૨/૨૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે છતમાં લોખંડના હુક સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સંદિપકુમાર મગનભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી